# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

**સલામી સવારની..**

બિલ 'ભૂમિ ગ્રહણ'નું ભૂમિમાં દાટવું પડશે,
હઠાગ્રહમાં બોલેલું બધું જ ચાટવું પડશે!
પડી ગયા એકલા, સંઘ-સંઘઠ્ઠન-સાથીઓથી -
ધનિકો સાથે હતાશાનું દુઃખ બાટવું પડશે.

**હાઇકુ**

સત્તા સંઘર્ષ -
થયું પુનરાવર્તન -
ઇતિહાસનું..
(ઇંદિરા-સંજય, સોનીયા-રાહુલ)

રાહ 'મેલ'ની
નિકળી માલ ગાડી
રેલ્વે બજેટ
(નગર માટે
(નિરાશાજનક)

## ચિંતન

**દ્યાવિભૌ પુરુષૌ લોકે ન ભૂતો ન ભવિષ્યાતિ । પ્રાર્થિતં યશ્ચે કુરૂતે યશ્ચ નાર્થયતે પરમ્ ॥**

'આ વિશ્વમાં એવા માત્ર બે જ પુરુષો છે, કે જેના જેવા કોઇ થયા નથી કે થવાના નથી, અદ્વિતીય છે. (૧) જે બીજાની માગણી-યાચનાપૂર્ણ કરે છે તે અને (૨) જે બીજાની પાસે કદી કંઇ જ માગતો નથી.'

જીવન સાફલ્યનો ઉત્તમ અને પવિત્ર મંત્ર છે. કોઇની પાસેથી કંઇ માંગો નહીં. જીવનમાં ઓછી જરૂરિયાતથી સંતોષ અને આનંદથી ચલાવી લેવું. કોઇ જ ઇર્ષા-અદેખાઇ વિના-ઇચ્છા કે અપેક્ષા વિના-કોઇની પાસે કંઇ જ માગવું નહીં. વસ્તુઓ માટે જ નહીં - પરિશ્રમ બાબતમાં કોઇ મને પાણીનો ગ્લાસ ભરી આપે - મારું કામ કરી આપે એવી અપેક્ષા પણ 'દુખ' નું મૂળ છે. કોઇની પાસે કંઇ જ માગો નહીં.

અને આપણાથી શક્ય હોય તે બીજાને મદદરૂપ થવા પ્રયત્ન કરો તમારા પદ સ્થાનના સ્તરનું હોય ન હોય, તમારી ફરજ-કાર્યક્ષેત્રમાં હોય ન હોય બીજાને મદદરૂપ થવાથી કંઇ જ નીચા થઇ જવાતું નથી.

કોઇની પાસેથી કંઇ માગવું નહીં અને શક્ય હોય તે આપવું.

## સુવિચાર

- આજકલ વ્યવહાર ઔર દોસ્તી હજાર કે નોટ જેસી હો ગઇ હૈ.. ડર લગતા રહતા હૈ કહીં નકલી ન હો **- એસ.એમ.એસ.**
- આત્મવિશ્વાસ વિનાનું જીવન એ પાર્ટટાઇમ મૃત્યુ છે, આત્મગૌરવ વિનાનું જીવન એ ફુલટાઇમ મૃત્યુ છે **- ઝેન કથન**
- અતિ સૌંદર્યથી સીતાનું હરણ થયું, અતિ અભિમાનથી રાવણનું પતન થયું, અતિદાનથી રાજા બલિનું બંધન થયું, શાણો પુરુષ અતિનો ત્યાગ કરે **- કવિ ભારવી**
- ઉદ્ધતની સંપત્તિ અંતે વિપત્તિ લાવે છે **- એસ. ભટ્ટાચાર્ય**
- દુર્બળને ઇશ્વર પ્રાપ્તિ થતી નથી, આત્મ બળહીન મનુષ્યને પોતાનું સ્વરૂપ બતાવતો નથી **- શ્રી ભાષ્ય**
- ઉપકાર કરનાર શત્રુ સાથે સંધિ કરવી જોઇએ, પરંતુ અપકાર કરનાર મિત્ર સાથે નહીં **- અરબી કહેવત**
- તમે ઇચ્છો છો એ આનંદ નથી, તમારી પાસે જે છે એ ઇચ્છવું એ જ પરમ આનંદ છે **- અખંડ આનંદ**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

મન્સૂર સૂફી સંત હતા. આ સંત સર્વત્ર ઇશ્વરને જ જોતા અને આકાશ તરફ આંગળી ચીંધી સૂફી મતમાં 'અનલ હક' કહેતા. અનલહક એટલે અહં બ્રહ્માસ્મિ - એ જે ઉપર છે તે ખૂદા હું જ છું.' એમ કહેતા. દેખીતું છે કે રાજકારણીઓ અને મુલ્લાંઓને તેમની વાત ગળે ન ઉતરે.

મન્સૂરનો જબ્બર વિરોધ થયો પણ મન્સૂર પોતાના વિચાર-પ્રચારમાં મક્કમ રહ્યા અને ઉપરવાળા ખૂદાને જોવાનો જ નિર્દેષ કરતા રહ્યા.

ભગત અને જગતને કાયમ અણબનાવ જ રહેતો હોય છે. ઇ.સ.૯૨૨ ની ૨૬મી માર્ચે એમને મૃત્યુદંડ ફાંસીની સજા ફટકારવામાં આવી.

કિલ્લા પર ઉચ્ચે ફાંસીનો માંચડો હતો. જલ્લાદની સાથે પગથિયાં ચઢતાં મન્સૂર હસતા હતા. જલ્લાદને હસતો-હસતો ફાંસીના માંચડે જનાર આવો માણસ પહેલીવાર જોવા મળ્યો. એણે કહ્યું, લોકો તને અપશબ્દો અને ફટકાર બોલે છે છતાં તને કંઇ જ અસર થતી નથી? અને હસે છે શા માટે? પાગલ થઇ ગયો છે?

મન્સૂર કહે - મેં આ બધાને વર્ષો સુધી ઉપર જોવાનું કહ્યું - એ લોકો સમજ્યા નહીં, માન્યા નહીં, આજે બધા મારી તરફ - ઉંચે માંચડા તરફ જોશે - હું - અનલ હક - કહી બધાને ઊંચે જોવાની પ્રેરણા આપાનાર બન્યો એનો મને આનંદ છે એટલે જ હસું છું..

લોકોની જેમ - જલ્લાદ પણ કંઇ જ ન સમજ્યો.

Email - sureshchandrabhatt18@gmail.com

# બે સંસ્કૃતિઓના સમન્વયનો એક અનેરો સૂર પ્રસ્તુત કરતી વાર્તાઓ

## શબ્દ સમીપે

- નટવર હેડાઉ

દેશમાં અને વિદેશમાં અપૂર્વ ક્ષણોનો જે સાક્ષાત્કાર લેખકને થાય છે અને આ બે ભૂમિ પર કોઇ મંગલ ક્ષણે પ્રગટતા કથાવસ્તુમાં પશ્ચિમની માદક સુવાસ ભળતાં બે સંસ્કૃતિના સમન્વયનો એક અનેરો સૂર સંભળાય છે તે ટૂંકી વાર્તા જેવા માધ્યમ દ્વારા પ્રગટ થાય છે ત્યારે વાચકને કેવો ખુશ કરી દે છે તે તો તમે જો વાંચો તો જ ખબર પડે.

હાં, આજે મારે તમને 'ડાયસ્પોરા સાહિત્યના એક મોટા ગજાનાં સર્જકના તાજેતરમાં પ્રગટ થયેલા વાર્તાસંગ્રહની વાત કરવી છે. આ સંગ્રહમાંથી પસાર થતાં આપણને કુલ-૨૫' વાર્તાઓ મળે છે. જેમાં લોકજીવન અને પરિવારના સભ્યો વચ્ચે જીવાતા જીવનને લેખકે સુક્ષ્મદૃષ્ટિથી જોયું છે તે કાબિલેતારીફ છે. તેથી જ 'માનવ સમાજના પરિવારોના સ્વજનોમાં ઘૂઘવાતો લાગણીનો મહાસાગર' એમ કહીને લેખકની આ કથાઓને બિરદાવતાં ટોરોન્ટો, કેનેડા સ્થિત લેખક, વિચારક અને સમાજદર્શક નિરંજન શાહ તેમની પ્રસ્તાવનામાં લખે છે કે - જયભાઇ વનસરિતાના કિનારે શાંતિથી બેન્ચ પર એ જે જૂએ છે તે જ લખે છે. એમના તમામ સાહિત્યની સરિતાઓ હૃદયના શિખરોમાંથી નીકળે છે અને એટલે જ વાચકને હૃદયને સ્પર્શી જાય છે. વાર્તા શરૂ કર્યા પછી અંત સુધી ગયા વગર ચેન પડતું નથી. ઘટનાઓની ઉત્કંઠા અને અંત જાણવાની ઉત્સુકતા નજરને બીજે કયાંક જવા દેતી નથી.

તેમની આ નાની નાની વાર્તાઓની વાત કરીએ તો પહેલી વાર્તા 'અપંગ'માં બેહાલ હાલતમાં જીવતો અમિત લક્ષ્મી જોઇને, બધું ભૂલી જઇને લંપટ બનતો હોય ત્યારે માનવજાત ઉપરથી વિશ્વાસ જરા ડગી જાય છે તો 'દિલનો દોરો' વાર્તામાં દિકરીનું મોઢું જોવા તપસતા રાયચંદની આંખો દિલની દોરો પડતાં મીંચાઇ જાય છે. જે ચોખવટ કરવા કદી ખુલી જ નહીં, તો 'પ્રપંચ' વાર્તામાં એકાદ ચીટર એન.આર.આઇ. ને કારણે બદનામ થયેલી સમસ્ત એન.આર.આઇ.ની જાતમાં કોઇ સાચા બોલો મનન પટેલ પણ હોય છે. અહીં લેખકની આંતરિક મહેચ્છા અને નિખાલસતા મનન પટેલ અને લતાના પાત્રો દ્વારા રજૂ થઇ છે. તો 'પ્રતિભાવ' કથામાં નાની કાપલીને કારણે કેવિન બચી તો ગયો પણ લેખક ચહેરા પર ચહેરા બનાવીને ફરનારાઓને અહીં ચેતવે છે. વહુ દીકરો બન્યો વાર્તામાં મિલક્તનો સ્વાર્થ પતી જતાં જીવતા બાપને પતાવી દેનારા દીકરા પર થોડોક તિરસ્કાર ઉપજે છે. જયારે 'અકલ્પ્ય-વિકલ્પ'ની કથામાં વિકટ પરિસ્થિતિમાં મનને શાંત રાખીને જે રચનાત્મક, હકારાત્મક રસ્તાઓ, સર્જનાત્મક રસ્તાઓ શોધે છે. તે વિભા એક સ્ત્રી છે. સ્ત્રી, સ્ત્રીની દુશ્મન જ નહીં, સહિયારી પણ બની શકે છે. તેનો પુરાવો 'રેપ અને શૂટ' નો શિકાર બનેલી ડેલીમાં જોયસ જયારે પોતાના દીકરી વીકીને કેરોલિનના શરણે ધરી દે છે ત્યારે મળે છે. ઋણ વાર્તામાં વર્ષો પહેલાંના પાંચસો રૂપિયાના દાનના ઉપકારના બદલામાં નવ લાખના દાગીના અને અમૂલ્ય જીવ બચાવનાર અનામી સી.આઇ.ડી. જયારે એમ કહે છે કે 'અજાણપણે' પણ ઋણ અદા કરવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું તેનો ગર્વ અનુભવું છું. ત્યારે લેખકની ઋણભાવનાને સલામ કરવાનું મન થાય છે. સંજોગોનો 'શિકાર' વાર્તામાં ડોકટર સૈયદને દુઃખ ભોગવવું પડે છે ત્યારે સનાતન સત્ય સમજાય છે કે ઇશ્વર છે, સત્ય છે, ન્યાય છે અને દુઃકી હોવા છતાં સદ્‌ભાગ્યે ચાલતો માનવી પણ છે. જયારે 'એક આંચકો' વાર્તામાં ડૂબતો માણસ તરણું પકડે એમ હરકિશન જયારે નિર્મળતાનો હાથ પકડે છે. ત્યારે લેખક સમાજને એક નવી દિશા ચીંધે છે. 'પડઘો'ની કથામાં કમલ પેટ ભરીને પસ્તાય અને કુંદનબેન રેવલીને પસંદ કરે તે માત્ર ઋણાનુબંધ જ છે. વહુની પસંદગીમાં, રૂપ, રંગ, તન અને ધન જોઇને નહીં પરંતુ ગુણ જોઇને પસંદ કરાય એ વાત પડઘાય છે. તે પછી આવે છે વાર્તા 'આશાનો મિનાર' તેમાં હૃદય, પ્રેમ, લાગણીને નાત, ભાત, રૂપનાં કોઇ બંધનો નડતાં નથી તેવું વેદનાને સ્વીકારીને ચિંતને પશ્ચિમની સંસ્કૃતિની અસર ઝાંખી કરાવી સાબિત કરી દીધું છે તે લેખકની સામાજિક ઉદારતા બતાવે છે.




'ઘા' લઘુકથાની વાર્તામાં પતિ પત્નીના સંબંધો અજર-અમર હોય છે તે પછી તે રીટા હોય કે માઇક હોય! સમાજમાંથી માનવતા સમૂળગી મરી પરવારી નથી. એટલે વગર ટેકે ઊભેલું આકાશ એની નીચે ધરતી પર માનવતા જોતાં ટકી રહ્યું છે. 'કોણ હશે પુણ્યાત્મા' ના મફતલાલને મળેલું જીવનદાન એ લેખકની નજરમાં ફરતી બારીક નજરની ઊપજ છે. તે પછીના વાર્તા 'ભાગ્યવાન ફાધર્સ ડે' માં સ્વાર્થી પુત્રો અને ચાલબાજ પુત્રવધુઓ વચ્ચે વસતા વનમાળીના પિતૃહૃદયની આંતર પીડાનો આભાસ જયભાઇ આપણને કરાવે છે.

'અમૂલ્ય ભેટ'માં પશ્ચિમના જે સમાજમાં નાના-સરખા વાંધા વંચકામાં ગોળીઓ ધાણીની જેમ ફૂટતી હોય અને શ્વાસની કિંમત કોડીની થઇ જતી હોય એ સમાજમાં બેરી વાસ્તવિકતાની ધરતી પર વિશાળ હૃદયે થોમસ અને કેલી બંનેને સ્વીકારી લે છે તે લેખકની ઉચ્ચ ભાવના દર્શાવે છે. જરા વધુ લાંબી આ વાર્તા ટૂંકીવાર્તાની કક્ષામાં આવે તે પ્રકારની છે.

'પવનની લહર'માં વિશ્વસુંદરી સ્પર્ધા જેવી સ્પર્ધાઓની અંદરની વાત મુકી પશ્ચિમી સમાજના સ્ત્રીપુરુષ સંબંધો પર લેખકે પ્રકાશ પાડ્યો છે. 'ભ્રમજાળ'ની સારા-નેહા જેવી મા દીકરી સાચા પ્રેમનું ઉત્કૃષ્ટ ઉદાહરણો છે એમ કહીએ તો કંઇ ખોટું નથી. 'અંજળ પાણી' વાર્તામાં લોહીની સગાઇ વગર પણ બંને બે બહેનો કરતાં પણ વિશેષ બની રહેતાં કુંદનબેન અને લીલચાના સંબંધો શિર્ષકને યથાર્થ ઠેરવે છે. 'છૂટકારો' ની વાર્તા વાંચતા એમ લાગે છે કે કુટુંબના કાવા-દાવામાં છેલ્લે તો માબાપે જ સહન કરવાનું હોય છે. નહિં તો કમળાબા અને દિનાનાથને, પોતાના તન-મન-ધન બધાનો ભોગ આપ્યા પછી પણ વતનના ખોરડામાં શા માટે પડી રહેવું પડે? 'આંતર ઝંખના' કૃતિમાં દક્ષાના ભોગની વિશાળતા નોંધનીય છે. 'ધરતીકંપ'વાર્તામાં ગજાનન અને કોકીલાનું મિલન બનાવે છે કે જયારે કુદરત બે હૈયાંને મેળવવા ઇચ્છે ત્યારે વચ્ચેની તમામ દીવાલો ધરતીકંપમાં તૂટી જાય છે. 'નારી નારાયણી' માં સદાનંદ અને દેવકીની સમાજ સેવા લોકહૈયે વસી જાય છે. તે જોતાં એમ લાગે કે શરીર નાશ પામે પણ કર્મોની અસર રહી જાય છે. 'તને સાંભળે રે' શિર્ષક વાંચતા કૃષ્ણ - સુદામાની મૈત્રી યાદ આવે અહીં પારસ-કનક છે જે શારીરિક રીતે દૂર છતાં લાગણીથી નજીક છે. 'જાકારો' માં છોરૂ કછોરૂ થાય પણ માવતર કમાવિતર ન થાય એ ન્યાયે કેતન સઘળી વાતનો સુખદ અંત આણે છે અને છેલ્લે આપણે વાત કરીએ 'સાબરને કાંઠે' વાર્તાની જેના પરથી વાર્તા સંગ્રહનું નામ અપાયું છે. તેમાં કામિની સાથે વાતો કરતા મનન ઉપર નેહાત અથવા પારકા પુરુષ સાથે લળી લળીને વાતો કરતી નેહા ઉપર મનન જરાય અવિશ્વાસ નથી લાવતો. આ પ્રેમ છે! પ્રેમની સાક્ષી છે સાબર! સાબરનાં પાણી અને વહેતી સાબરના કાંઠાઓ.

'સાબરને કાંઠે' ની આ વાર્તાઓમાં લેખક સીધું કયાંક કશું ય કહેતા નથી. તટસ્થ ભાવે આખી ઘટના મૂકી દે છે. તેથી ભાવકે પોતાના વિચારો અને લાગણીઓના ત્રાજવાના એક પલ્લામાં ઘટના અને બીજા પલ્લામાં પોતાની નિર્ણયશક્તિ-વિચારશક્તિ મૂકવાની છે. અહીં આપણને લેખકની ટૂંકી વાર્તા અંગેની કલાસૂઝનાં દર્શન થાય છે અને તે ખુબ જ સ્વાભાવિક અને વાસ્તવિક છે કારણ કે તેમનું સાહિત્ય ખેડાણ બહુ વિપુલ છે. તેથી આ વાર્તા સંગ્રહ ખરેખર માનવ સમાજના પરિવારોના સ્વજનોમાં ઘૂઘવતા લાગણીઓના મહાસાગર જેવો છે.

'સાબરને કાંઠે' ના લેખક - જય ગજ્જર 'ડાયસ્પોરા સાહિત્ય' ના પ્રતિભાવંત, પ્રતિષ્ઠિત અને બહોળો વાચક વર્ગ ધરાવનારા એવા કલમ કસબી છે જેની અવિરત ચાલતી કલમથી વધુને વધુ સર્જકો મળતા રહે તેવી અભ્યર્થના સહ તેમની આ વાર્તાઓને આવકારું છું અને સ્નેહથી અભિનંદન પાઠવું છું.

'સાબરને કાંઠે' (વાર્તા સંગ્રહ)
લેખક - જય ગજ્જર
પ્રકાશક - રન્નાદે પ્રકાશન
૫૮-૨, બીજે માળ, જૈન દેરાસર સામે, ગાંધીરોડ, અમદાવાદ
પૃષ્ઠ - ૧૬૦, કિંમત - રૂા. ૧૫૦/-
પ્રથમ આવૃત્તિ - ૨૦૧૫

# ભારતીયોના આયુષ્યમાં ૩.૨ વર્ષનો ઘટાડો!

યુનિવર્સિટી ઓફ શિકાગોના માઇકલ ગ્રીનસ્ટોન અને તેમના સાથીઓએ ભારતના પર્યાવરણ સત્તાવાળાઓ બીજી બધી રીત બાબતોની સાથે હવામાંના સૂક્ષ્મ રજકણોનું સ્તર પણ માપે છે. આ કણો અને દ્રવ્યો એટલા નાના હોય છે કે તેઓ ફેફસામાં પ્રવેશી શકે છે, જેનાથી શ્વસનતંત્ર બગડી શકે છે અને હૃદયરોગ થઇ શકે છે.

ગ્રીનસ્ટોનની ટીમે સમગ્ર ભારતમાં આ રજકણોના સ્તરની સરખામણી કરી હતી અને એક મોડેલનો ઉપયોગ કરીને તારણ કાઢ્યું હતું કે જે તે સ્તરથી ભારતીયોના આયુષ્યમાં કેટલા વર્ષોનો ઘટાડો થાય છે. તેઓનાં અભ્યાસમાં ચોકાવાનારી હકીકત બહાર આવી હતી કે ૨૦૧૧ની વસ્તી ગણતરી અનુસાર ૬૬ કરોડ લોકો અથવા ભારતની ૫૫ ટકા વસ્તી એવા વિસ્તારોમાં રહે છે, જયાં હવામાંના રજકણોનું સ્તર ભારતના નેશનલ એમ્બિઅન્ટ એર ક્વોલિટી સ્ટાન્ડર્ડ નક્કી કરેલા ગાઇડલન્સ કરતાં વધારે છે. આના પરિણામે આ લોકોના સરેરાશ આયુષ્યમાં ૩.૨ વર્ષનો ઘટાડો થવાની અપેક્ષા છે.

અમેરિકાના ઓસ્ટિન શહેરમાં આવેલી યુનિવર્સિટી ઓફ ટેકસાસના જોશુઆ આપ્ટે પણ ભારતમાં હવાના પ્રદૂષણની આરોગ્ય પર થતી અસરનો અભ્યાસ કરી રહ્યા છે. તેમના અભ્યાસના પરિણામો ગ્રીનસ્ટોનના અભ્યાસના પરિણામોને મળતા આવે છે. તેમનું કહેવું છે કે ભારતમાં એચઆઇવી/એઇડ્સ અને મેલેરિયાથી મરતા લોકોની સંખ્યાથી ત્રણ ગણા લોકો રજકણોથી થતા રોગોને કારણે મૃત્યુ પામે છે.

૧૬૨૨ શહેરોમાં PM ૨.૫નું પ્રમાણ કેટલું છે તેનો અભ્યાસ કર્યો હતો. ૧૦ માઇક્રોન કે તેનાથી નાના કણોથી ધુમ્મસ બને તે PM ૧૦ તરીકે ઓળખાય છે. જયારે તેનાથી નાના રજકણોના ધુમ્મસ PM ૨.૫ તરીકે ઓળખાય છે. દુનિયાના સૌથી પ્રદૂષિત શહેર ગણાતા દિલ્હીમાં PM ૧૦નું સ્તર ચીનના પાટનગર બિજિંગ કરતાં વધારે હતું, એટલું જ નહીં PM ૨.૫નું પ્રમાણ પણ વધારે હતું. PM ૨.૫ને કારણે લોકોને મૃત્યુ થવાની શક્યતા વધારે છે, કારણ કે તે ફેફસામાં ઊંડે સુધી જાય છે. દિલ્હીમાં PM ૨.૫નું સ્તર 'હૂ' એ નક્કી કરેલા સુરક્ષિત સ્તર કરતાં ૧૫ વધુ વધારે જણાયું હતું. હકીકતમાં બિજિંગ કરતાં દિલ્હી ૪૫ ટકા વધારે પ્રદૂષિત છે.

'હૂ' ના અભ્યાસ અનુસાર વિશ્વમાંના સૌથી પ્રદૂષિત ૨૦ શહેરોમાંથી ૧૩ તો માત્ર ભારતમાં છે. ચીન કરતાં ભારતના શહેરોમાં હવાના પ્રદૂષણનું ઊંચું સ્તર જોવા મળ્યું હતું. આના માટે વાહનમાંથી ફેંકાતા બળતણના ધુમાડાના નીચા ધોરણોને જવાબદાર ગણાવાય છે. માત્ર શહેરોમાં ખરાબ વાતાવરણ છે એવું નથી. ગામડાઓમાં છાણાંથી કરાતી આગ અને કેરોસીનના સ્ટવને કારણે લોકોના ઘરોમાં જ પ્રદૂષણ થાય છે. જેનાથી દર વર્ષે ૧૦ લાખ ભારતીયોના મૃત્યુ થતાં હોવાનો અંદાજ છે. 'હૂ'નું કહેવું છે કે બહુમતી ભારતીયો અસુરિક્ષત હવા શ્વાસમાં લે છે. PM ૨.૫ નો કેન્સરમાં હાથ હોય છે અને તેનાથી હાર્ટ એટેક અને સ્ટ્રોક થતાં વ્યક્તિનું મૃત્યુ થઇ શકે છે.

- શેનાથી પ્રદૂષણ થાય છે

પાટનગર દિલ્હીની વાત કરીએ તો તેની હવા વધુ ઝેરી હોવાનું કારણ ટ્રકો છે. ટ્રકોમાં ડિઝલ બળતણ તરીકે વપરાય છે અને તેના ધુમાડા હવાને બગાડે છે. આ ઉપરાંત ઉદ્યોગોનો પણ હવા બગાડવામાં મોટો ફાળો છે. ભારતીય અધિકારીઓએ સૌથી વધુ પ્રદૂષણ કરતાં ૧૭ ઉદ્યોગોને ઓળખી કાઢ્યા છે. ઉત્તર-પશ્ચિમ ભારતમાં ડાંગરના પાક બાદ બચેલા ફોતરાંને સળગાવવામાં આવે છે અને તેના ધુમાડાથી પણ પ્રદૂષણ થાય છે. હકીકતમાં તેના ધુમાડાથી એટલું પ્રદૂષણ થાય છે કે હરિયાણા અને પંજાબના મુખ્યપ્રધાનોએ ખેડૂતોને ફોતરા ન બાળવાની અપીલ કરી છે. તો કેટલાક જિલ્લા કલેકટરોએ તો કૃષિ કચરો સળગાવવા પર પ્રતિબંધ મૂક્યો હતો. આવા પગલાઓની થોડીક અસર જ થાય છે, કારણ કે મોટા ભાગના ખેડૂતો પાસે કચરાના નિકાલની કોઇ વૈકલ્પિક પદ્ધતિ નથી.

વાહનોમાં બળતણ તરીકે વપરાતાં પેટ્રોલ અને ડિઝલના ધુમાડાથી પ્રદૂષણ થાય છે. આથી સરકારે અમદાવાદ, સુરત જેવા શહેરોમાં સીએનજીથી ચાલતી ઓટો રિક્ષાઓને જ છૂટ આપી છે. આ ઉપરાંત અન્ય વાહનોને પણ સીએનજી કે ઓટો ગેસ વાપરવાની ભલામણ કરી છે. શરૂઆતમાં સીએનજીનો ભાવ પેટ્રોલ કે ડિઝલ કરતા ઘણો ઓછો હોવાથી ઘણા કારમાલિકોએ તેઓની કારમાં સીએનજી કિટ પણ નખાવી હતી. જો કે હવે પેટ્રોલ, ડિઝલ અને સીએનજીના ભાવમાં ઝાઝો તફાવત ન હોવાથી લોકો પેટ્રોલ કે ડિઝલ વાપરવાનું પસંદ કરવા લાગ્યો છે. ગામડાઓમાં ઘરોમાં લોકો રસોઇ અને પાણી ગરમ કરવા લાકડા, છાણાં અને અન્ય કચરાનો ઉપયોગ કરે છે આનાથી પણ પ્રદૂષણ થાય છે.

## હું રસ્તે રઝળતી વારતા

**- અયના કમલેશ**

ગાંધીનગરવાસીઓ પ્રદૂષણરહિત વાતાવરણમાં રહેતા હોવાના ભ્રમમાં જીવે છે. પ્રદૂષણ ફક્ત ધૂળ-ધુમાડાનું જ નહીં બલકે મોબાઇલ ટાવરોમાંથી સતત નીકળતાં વિકિરણનું પણ હોઇ શકે. આપણા ખોરાકમાંથી પેસ્ટીસાઇઝનું પ્રદૂષણ અનિવાર્ય રૂપે ભળેલું છે. આવા પ્રદૂષણને કારણે જ કેન્સર જેવા જીવલેણ રોગોથી લઇ સ્વાઇન ફ્લૂ જેવી સંક્રામક બિમારીઓને છૂટો દોર મળી જતો હોય છે. આ વિશે આંખ ઊઘાડતો માહિતી લેખ સુરતથી પ્રગટ થતાં દૈનિક 'ગુજરાત ગાર્ડિયન'ના સૌજન્યથી 'ગાંધીનગર સમાચાર'ના વાચકો માટે સાદર કરું છું.

**- અયના**

# સ્વભાવમાં આનંદ, અભાવમાં આનંદ, પ્રભાવમાં આનંદ!

## રોહિતોપદેશ

- રોહિત શાહ

સુખ અને આનંદ વચ્ચે ધર્મ અને સંપ્રદાય જેટલો વ્યાપક ડિફરન્સ છે. જેવી રીતે ધર્મ એ સંપ્રદાય નથી અને સંપ્રદાય એ ધર્મ નથી, એવી જ રીતે સુખ એ આનંદ નથી અને આનંદ એ સુખ નથી.

આપણને કયારેક સંપ્રદાય મળી જાય છે અને ધર્મ છટકી જાય છે. આપણે ધર્મના નામે અલ્ટિમેટમ સંપ્રદાયના એક ફિક્સ કુંડાળાનો જયજયકાર કરવા મંડી પડીએ છીએ. એવી જ રીતે આપણને લાઇફમાં કયારેક સુખ તો મળી જાય છે, પણ આનંદ છટકી જાય છે. સત્તા, સંપત્તિ, સુંદરી અને સંતાન આ ચારમાં સુખ છે એમ કહી શકાય; પણ એમાં આનંદ હોવાની કશી ગેરન્ટી નથી. ઉલ્ટાનું આ ચાર કારણો જ વ્યક્તિને સર્વનાશ કરવામાં નિમિત પણ બની શકે છે.

સુખ વસ્તુમાં હોય છે, આનંદ કદીયે વસ્તુનો ઓશિયાળો ન હોય. વસ્તુના અભાવમાંય આનંદ હોઇ શકે છે. સુખનાં સાધનો તો કિંમત ચૂકવીને બજારમાંથી ખરીદી પણ શકાય, આનંદ માત્ર ભીતરથી ઉદ્‌ભવે છે. એ કોઇ બિકાઉ ચીજ નથી.

માણસને રહેવા માટે મોટો મહેલ મળી જાય એ તેનું સુખ છે; કિન્તુ મહેલમાં તેને ભય છે, અશાંતિ-અજંપો છે, કશોક અભાવ છે તો તેને આનંદ નથી મળતો. કયારેક પતિ મળી જાય છે પણ પતિનો પ્રેમ મળવાનો દૂર રહી જાય છે. કયારેક પત્ની મળી જાય છે કિન્તુ પત્નીની ઉષ્મા વેગળી રહી જાય છે. સંતાનનું સુખ કયારેક કેવું ભારે ડંખીલું બની જાય છે. એ ઘરડાંઘરમાં પાછલી વયે ઝૂરી-ઝૂરીને આયખું વિતાવતાં પેરેન્ટ્સને ખબર છે. કાને સંભળાતું ન હોય એની પીડા તેમને નથી, પણ તેમનું સાંભળવા તેમનાં સંતાનો તૈયાર નથી. હોતાં એનો રંજ તેમને ડંખ્યા કરે છે. પોતાને અંધાપો આવ્યો હોવાની વ્યથા તેમને નથી, પણ તેમનાં સંતાનો અંગત સ્વાર્થમાં આંધળાં બની ગયાં છે અને હવે પેરેન્ટ્સ સામે જોવાની દાતન બતાવતાં નથી એની બળતરા તેમને છે. વંઠેલાં અને કપટી સંતાનો જેમને મળ્યાં હોય તેવાં પેરેન્ટ્સને પછી નરકનો ભય રહેતો નથી.

પ્રત્યેક સુખ આનંદ આપી શકતું નથી, પણ પ્રત્યેક આનંદ ભરપૂર સુખ આપે છે. સુખને આનંદની ગરજ રહે છે, આનંદને તો કશાયની ગરજ નથી હોતી. આનંદ ન હોય તો બત્રીસ પકવાન પણ નકામાં છે અને આનંદ હોય ત્યારે સૂકો રોટલોય મહાપ્રસાદ લાગે છે. મેં એવાં કપલ્સ જોયા છે જેઓ કોઇ ફંકશનમાં જવાનું હોય ત્યારે ભાગ્યે જ પોતાના ઘરેથી ઝઘડ્યા વગર નીકળતાં હોય. કોઇ એક અડિયલ પાત્ર સમયસર તૈયાર થયું જ ન હોય અથવા તો બહાર નીકળવાની ક્ષણે જ કંઇક એવી વાત કરે જેથી બીજા પાત્રનો મૂડ ઓફ થઇ જાય. પળને પારખતાં નથી આવડતું હોતું એવાં પતિ-પત્નિ પોતેય પર્મનન્ટ પીડા વેઠે છે અને બીજાનેય પર્મનન્ટ પીડા આપે છે.

તમે એવું કોઇક ઠેકાણે તો જોયું જ હશે કે માણસ સવારે પથારી છોડે ત્યારથી જ રોદણાં રોવાનું શરૂ કરી દે. આખી રાતની નિદ્રા માણ્યા પછીયે ફ્રેશ થવાનું તે નામ નથી લેતો. તેને સ્વર્ગ કે વૈકુંઠ મળી જાય તોય શો ફરક પડશે? રાત્રે અનિદ્રા કે અજંપો થયો હોય તો સવારે ઊઠ્યા પછી પણ સુસ્તી રહે એ સ્વીકારી શકાય, પરંતુ આખી રાત નસકોરાનું ઓર્કેસ્ટ્રા વગાડ્યા પછીયે સવારે તે ફ્રેશ મૂડમાં ન આવી શક્યો હોય તો એનો ઇલાજ કઇ રીતે થઇ શકે?

માણસને ખરેખર તો આનંદ જ જોઇતો હોય છે, પરંતુ લાઇફસ્ટાઇમ તે સુખ પાછળ દોડતો રહે છે. કોઇકે તેને ખોટું એડ્રેસ આપી દીધું છે કે આનંદ સુખની અંદર વસે છે. આનંદનું પાક્કું સરનામું આપણું પોતાનું હૃદય જ છે. 'હું કોઇ પણ વસ્તુનો - વ્યક્તિનો અભાવ સહન કરવા સક્ષમ છું.' એવી સમજ કેળવ્યા પછી સુખની ગરજ ટળી જશે. પછી નર્યો આનંદ-આનંદ! વસ્તુ મળે તોય આનંદ, ન મળે તોય આનંદ. સ્વભાવમાંય આનંદ, અભાવમાંય આનંદ, પ્રભાવમાંય આનંદ!

એક ખાનગી ઉપદેશ યાદ રાખજો : તમને જે આનંદ અથવા જે સુખ મેળવવાની તીવ્ર તડપ હોય એની પાછળ લાલચપૂર્વક દોડવાનું બંધ કરી દેજો. થોડા વખતમાં એ આનંદ તમને શોધતો-શોધતો તમારી પાસે આવી જશે. તમારે એની પ્રતિક્ષા પણ કરવાની નથી કે એને મેળવવાના ઉધામાય કરવાના નથી. બસ, સહજરૂપે નિષ્ઠાપૂર્ણ પ્રયત્ન કરવાનો છે. મારો પ્રયત્ન નિષ્ફલ જશે તોય હું દુઃખી નહીં થાઉં એવી સભાનતા સાથે આગળ વધવાનું તમને ફાવી જશે તો તમે સ્વયં બોલી ઊઠશો, નો પ્રોબ્લેમ!